**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૪૭ ટકા ● સાંજે ૨૯ ટકા

# ઉનાળા સાથે માટલાનું પણ આગમન

## ગરીબોનું ફ્રીઝ એવું માટલું : મેળામાંથી ખરીદેલા માટલાથી શુભ ફળ પ્રાપ્ત થાય તેવી માન્યતા

ગાંધીનગર, તા.૧૮

ગરીબોનું ફ્રીઝ એવું માટલું... શહેરમાં માટલાનું વેચાણ કરતા વેપારીઓ દ્વારા માટલાનું વેચાણ શરૂ કરી દેવાયું છે. શિયાળાની ઠંડી વિદાય લઈ રહી છે ત્યારે ઉનાળાની મોસમમાં ગરમીથી રાહત મેળવવા માટે ઠંડી ઠંડી ચીજવસ્તુઓનો ખાણીપીણીમાં ઉપયોગ કરવામાં આવે છે. જેમાં શહેરીજનો ફ્રીઝમાં રાખેલું પાણી પીવાનું પસંદ કરે છે. ત્યારે ગરીબો માટે ફ્રીઝ સમાન માટલું ગણાય છે ત્યારે શહેરમાં માટલાનો ભાવ પણ વધારે જોવા મળી રહ્યો છે. આ વખતે દેશી માટલાની માંગમાં વધારો થાય તેવું વેપારીઓના જણાવ્યા મુજબ માહિતી મળી છે કે શહેરીજનો રંગબેરંગી ડિઝાઈનવાળા માટલાઓ કરતા દેશી માટલાની ખરીદી વધારે કરવાનું પસંદ કરે છે.

શહેરમાં વેચાતા માટલામાં નાના માટલાનો ભાવ ૧૦૦ રૂ., મોટા માટલાનો ભાવ ૨૦૦ થી ૫૦૦ રૂ. છે જયારે રંગબેરંગી માટલાના ભાવ ૩૦૦ રૂ.થી ૫૦૦ રૂ. છે. જેમ જેમ માટલાની ડિમાન્ડ વધશે તેમ તેમ ભાવમાં ફેરફાર જોવા મળશે.



ગરીબોનું ફ્રીઝ એવું માટીનું માટલું અને તેનું પાણી પીવાના અનેકાનેક ફાયદાઓ છે. પ્રાચીન કાળથી ભારતીય ઘરોમાં માટલાનું પાણી પીવાય છે. આજે ઘણા એવા ઘરો પણ છે જે હજી પણ માટીના વાસણોમાં રસોઈ બનાવે છે તેમાં બનાવેલી રસોઈ હેલ્થ માટે ખુબ જ સારી માનવામાં આવે છે તો પછી પાણીની તો વાત જ શું કરવી.

માટીની ભીની ભીની સુગંધ જે પાણીમાં આવી જાય છે અને એ પાણી પીવાનો આનંદ અનેરો હોય છે. માટીના વાસણમાં રાખેલું પાણી પીવાથી અનેક રોગોથી બચી શકાય છે. માટે જ આયુર્વેદમાં માટીના વાસણ અને માટીના માટલાનું પાણી પીવાનું કહેવામાં આવે છે. ફ્રીઝનું પાણી આપણા સ્વાસ્થ્ય માટે ખુબ જ ખરાબ છે. ફ્રિઝનું પાણી પીવાથી તરત જ ખરાબ અસર જોવા મળતી નથી પરંતુ ધીમે ધીમે અસર જણાય છે. પહેલાના જમાનામાં આપણા વંશજો લાંબુ જીવન જીવતા હતા તેનું મુખ્ય કારણ તેમની ખાણી-પીણી જ હતી.

વર્ષોથી ચાલી આવતી કેટલીક પરંપરા, માન્યતાનું પાલન કરવામાં માણસો અચકાતા નથી. માટીથી બનેલા અજબ ગજબના માટલા ખરીદવાની હોડ જામી હોય છે. કોઈ પણ સ્થળે યોજાતા મેળામાં ચકડોળની સાથે સાથે ખાણી પીણીની ચીજો, જુદા જુદા પ્રકારના રમકડાં, વાસણો વગેરે વેચાય છે. આ મેળાઓમાં ખાસ કરીને માટલાઓનું વેચાણ થાય છે. એવી માન્યતા છે કે મેળામાંથી ખરીદેલું માટલું શુભ ફળ આપનારું રહે છે. આથી મેળામાં મ્હાલવાના બદલે માટલું ખરીદવા દર વર્ષે લાખોની સંખ્યામાં નાગરિકો જાય છે. મેળામાંથી ખરીદેલું માટલું ઘરમાં મુકવામાં આવે તો ઘરમાં કાયમ બરકત બની રહે છે.

### માટલાનું પાણી પીવાના ફાયદા

● પ્રદૂષિત વાતાવરણમાં પાણી શુધ્ધ આવતું નથી માટે આયુર્વદે આપણને શુધ્ધ પાણી પીવાની સલાહ આપે છે. ફિલ્ટર કરેલું પાણી પીવાની સલાહ આપે છે. માટલામાં રાખેલું પાણી પીવાથી તે પાણીમાં માટીના તમામ ગુણો આવી જાય છે. ફિલ્ટર કરેલું પાણી માટલામાં ભરીને રાખી શકાય છે જે પાણી માટલામાં રહીને ફિલ્ટર વાળા પાણીને વધારે શુધ્ધ બનાવે છે.

● શરીરને ઠંડક આપે છે. માટલાનું પાણી કુદરતી રીતે ઠંડુ થયેલું હોય છે. જેથી તે આપણા ગળા માટે પણ સારું રહે છે અને આપણને ઠંડક આપે છે. ફ્રીઝમાં રાખેલા પાણીની તાસીર ગરમ થઈ જાય છે જે આપણા ગળાને નુકસાન પહોંચાડે છે.

● પી.એચ. લેવલને નિયંત્રિત કરે છે. માટીમાં રહેલા ક્ષારીય ગુણ પાણીમાં રહેલા ખરાબ તત્વોને દૂર કરીને પાણીને શુધ્ધ બનાવી દે છે. માટલામાં રહેલા ક્ષારીય ગુણોને કારણે શરીરનું પી.એચ. લેવલ નિયંત્રિત રહે છે. પી.એચ. લેવલ ઓછું વધારે થવાથી ત્વચા ખરાબ થઈ શકે છે.

● લોહીની ઉણપને દૂર કરે છે. માટલાના પાણીમાં કેલ્શિયમની માત્રા સારા એવા પ્રમાણમાં હોય છે જે આપણા શરીરમાં લોહીની ઉણપ દૂર કરવામાં ખુબ જ મદદ કરે છે અને લોહીને શુધ્ધ કરે છે.

## જન્મદિને વધામણી



**બિપીન રાવલ**
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મેનેજિંગ ટ્રસ્ટી,
શાંતિનિકેતન સ્કૂલ
મો. ૯૪૨૯૪ ૩૭૫૭૫



**તન્વી મુંજાલ રાવલ**
મો. ૯૯૭૮૯ ૬૭૮૦૯



**પ્રણવ અમૃત ચૌધરી**
મો. ૯૮૨૫૧ ૭૨૧૮૧



**આર્યન જનકભાઈ પટેલ**
મો. ૯૮૭૯૯ ૮૭૨૭૬

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૮

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગ રૂપે દહેગામ તાલુકાના પાટનાકુવા ગામના નિસર્ગ ઉપવન ખાતે આકાશ દર્શન અને ખગોળશાસ્ત્રીય સમજૂતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આ દિવસની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ફેબ્રુઆરી માસમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. દર વર્ષે આ દિવસની ઉજવણી વિવિધ થીમ આધારિત કરવામાં આવે છે. આ વર્ષની ઉજવણીનો વિષય 'ઈન્ટીગ્રેટેડ એપ્રોચ ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર સસ્ટેનેબલ ફયુચર' રાખવામાં આવ્યો છે.







આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન અને તજજ્ઞ તરીકે હેમંતભાઈ સુથાર નિવૃત, નાયબ વન સંરક્ષક,વન્યજીવન નિષ્ણાત, પ્રકૃતિ શિક્ષણશાસ્ત્રી તેમજ ડૉ.અનિલભાઈ પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી, નિસર્ગ સાયન્સ સેન્ટર, ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા.

હેમંતભાઈ સુથારે વિદ્યાર્થીઓ અને ગામના લોકોને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આકાશમાં રહેલા રાસીઓ, નક્ષત્રો, તારાઓ અને ગ્રહો વિષે ઊંડાણપૂર્વક સમજુતી આપી હતી. વિદ્યાર્થીઓ માટે ખગોળશાસ્ત્રની ક્વીઝ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સાચો જવાબ આપનાર વિદ્યાર્થીને પોત્સાહિત કરવામાં આવ્યા હતા. ખગોળ રસીક રુચિત પટેલ દ્વારા પણ વિદ્યાર્થીઓને બાયનોક્યુલર તેમજ ટેલીસ્કોપ દ્વારા ચંદ્ર દર્શન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં નવજીવન વિદ્યાલય, પાટનાકુવા ના વિદ્યાર્થીઓ તેમજ ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ગામના દિલીપભાઈ, જસુભાઇ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

## સરકારી ઈજનેરી કોલેજ ખાતે મેટલર્જી વિષયમાં ઓનલાઈન વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૮

સરકારી ઈજનેરી કોલેજ, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે સંસ્થાના આચાર્યા ડૉ. એસ. પી. દવે ના માર્ગદર્શન હેઠળ સાપ્તાહિક ઓનલાઈન વેબીનાર ''મેટલર્જી એન્ડ મટિરિયલ સાયન્સ'' નું મેટલર્જી વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંયોજન (સ્ટુડન્ટ સોસાયટી ઓફ મેટલર્જી એન્જીનિયરીંગ ગાંધીનગર) દ્વારા આયોજન કરવામાં આવ્યું. આ તાલીમના સંયોજક મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકો એચ. એચ. ઠાકર તથા ડૉ. એમ. એસ. દાની હતા. સાપ્તાહિક ઓનલાઈન વેબીનારનું ઉદ્ઘાટન મેટલર્જી વિભાગના વડા ડૉ. આઈ. બી. દવે તથા **MGITER**, નવસારી ના આચાર્ય ડૉ. જી. એચ. ઉપાધ્યાય ની ઉપસ્થિતિમાં થયું હતું.

## આજે દિવ્ય જીવનસંઘ શાખાની વાર્ષિક સાધારણ સભાની બેઠક

ગાંધીનગર, તા.૧૮

દિવ્ય જીવનસંઘ, ગાંધીનગર શાખાની વાર્ષિક સાધારણ સભાની બેઠક રવિવારે સવારે ૧૦.૦૦ વાગે પ્લોટ નં ૧૬૬૦/૯, સેકટર-૨-ડી, ગાંધીનગર ખાતે રાખવામાં આવી છે. આ બેઠકમાં સર્વે સભ્યોને હાજર રહેવા જણાવાયું છે.

માનનીય વડાપ્રધાન દ્વારા ૨૦૨૫માં ટીબીને સમગ્ર ભારત દેશમાંથી નાબુદ કરવાનું આહવાન કરાયું છે તેની સાથે સાથે ગુજરાત સરકાર દ્વારા ૨૦૨૨ માંથી ટીબી ના રોગને નાબૂદ કરવાનું નક્કી કરાયું છે. જે અનુસંધાને આજ રોજ ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા માણસા સિવિલ હોસ્પિટલ ખાતે ટીબી , રક્તપિત, એચ.આઈ.વી. વિશેની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા ક્ષય અધિકારી ડો. દિપક પટેલ દ્વારા રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ટીબી ના રોગ વિશેના નિદાન, સારવાર અંગેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત ટીબી ના દર્દીને કોઈપણ ખર્ચ ના થાય અને તમામ નિદાન અને સારવાર મફત મળવી જોઈએ. સિવિલ સુપરિટેન્ડેન્ટ એ સિવિલ ખાતે ટીબી ના લક્ષણો દેખાતા તમામ શંકાસ્પદ દર્દીઓને પ્રાથમિકતા આપવાની વ્યવસ્થા કરવામાં આવશે તેવું જણાવ્યું છે અને માણસા સિવિલ ખાતે આવતા ટીબી ના દર્દીનો કોઈપણ ખર્ચ ના થાય તેવી વ્યવસ્થા કરવામાં આવશે તેવી પણ જાણકારી આપા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડો.દિપક પટેલ, સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડો. કાનન બી.શુક્લા, આર.એમ.ઓ. ડો.ડી.એફ.પરમાર, તાલુકા આરોગ્ય અધિકારી ડો. બીના પટેલ તેમજ જિલ્લા ક્ષય કેન્દ્ર ના તમામ સ્ટાફે હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં તમામ હાજર કર્મચારીઓ અને જીલ્લા ક્ષય કેન્દ્ર તરફ માહિતી પત્રિકા વિતરણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા તમામ કર્મચારીઓ નો ખુબ સહકાર મળ્યો હતો. ટીબી હારેગા દેશ જીતેગા...





## ગુજરાત રાજય યોગ બોર્ડમાં કોઓર્ડીનટેર તરીકે ભાવના જોષીની નિમણુંક





ગાંધીનગર, તા.૧૮

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા યોગમય ગુજરાત અભિયાન હેઠળ ચિંતન શિબિરમાં ગાંધીનગરના ભાવના જોષીને યોગ કોઓર્ડીનેટર તરીકે નીમવામાં આવ્યા છે.

## બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન દ્વારા નાણાંકીય શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૮

બરોડ સ્વરોજગાર વિકાસ સંસ્થાન ગાંધીનગરની રૂપાલ ગામ સ્થિત તાલીમ કેન્દ્ર ખાતે ભારતીય રિઝર્વ બેંક દ્વારા શરૂ કરવામાં આવેલ નાણાંકીય સાક્ષરતા સપ્તાહની ઉજવણીના સંદર્ભમાં નાણાંકીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ગો ડિજિટલ ગો સીકયોર વિષય પર નાણાંકીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં લીડ બેંક, ગાંધીનગર તરફથી મુખ્ય અતિથિ તરીકે કૃષ્ણ નિરંજન (ઉપમહાપ્રબંધક) નાણાકીય સમાવેશ, એસબીઆઈ, સ્થાનિક મુખ્ય કચેરી-અમદાવાદ તથા નાણાંકીય સાક્ષરતા સલાહકાર રમેશ પરમાર-એસબીઆઈની ઉપસ્થિતિમાં રૂપાલ ગામની સ્વસહાય જુથની બહેનોને ડિજિટલ બેંકિંગના વ્યવહારો દરમિયાન ગ્રાહકને મળતા રક્ષણ વિશે વિગતવાર માહિતી આપી હતી. આ પ્રસંગે બરોડા આરસેટી, નિયામક, પ્રદીપ ઘોઘરા તથા સંસ્થાના કર્મચારીઓ શિબિરમાં ઉપસ્થિત રહ્યા હતા.





## એમ.બી. પટેલ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન ડાન્સ સ્પર્ધા

ગાંધીનગર, તા.૧૮

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં નૃત્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૭ની ચૌધરી જાનસી, ધોરણ-૮ની જોષી નંદની,ધોરણ-૮ની રામી વેદી વિજેતા બન્યા હતા. આ પ્રવૃત્તિનું આયોજન શાળાના શિક્ષિકા બહેનો પ્રજાપતિ આશાબેન અને સેજલબેને કર્યું હતું. શાળાના આચાર્યાબેન નીરૂબેન પટેલે વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

## ૨૦મી એ ટેક્વોન્ડો એસોસિએશન દ્વારા ઈન્ટર ક્લાસ ટેક્વોન્ડો પૂમસે ઈવેન્ટ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન અને યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ દ્વારા ૨૦મી એ રવિવાર નાં રોજ સાંજે ૪:૦૦ કલાકે, ગાંધીનગર સેક્ટર-૩ ખાતે ઈન્ટર ક્લાસ ટેક્વોન્ડો પૂમસે ઈવેન્ટ ૨૦૨૨ નું આયોજન કરવામાં આવેલ છે તો તેમાં સંસ્થાનાં ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી, ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે અને ઈવેન્ટ કો-ઑર્ડિનેટર મિલાપ ટાટારિઆ ટાઈગરનાં સહયોગથી ગાંધીનગરનાં મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહભાઈ ગોલ, યુવા કથાકાર પાર્થશાસ્ત્રી તથા સુપ્રસિદ્ધ લોકગાયિકા મનિષાબેન બારોટ ની વિશેષ ઉપસ્થિતિમાં ઈન્ટર ક્લાસ ટેક્વોન્ડો પૂમસે ઈવેન્ટનાં દરેક સહભાગીને એમનાં વરદહસ્તે પ્રમાણપત્ર આપીને અને સાથે સાથે શ્રેષ્ઠ પ્રદર્શન કરનારને પુરસ્કારથી ગૌરવ સાથે સન્માનિત કરવામાં આવશે.

## એચ.વી. પટેલ અને વી.એમ. પટેલ બાલમંદિરમાં ઓફલાઈન એકિટવીટી

ગાંધીનગર, તા.૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.એમ.પટેલ કુમાર અને શ્રીમતી એચ.વી પટેલ કન્યા બાલમંદિરનાં નર્સરી કે.જીના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ બાળકોએ ઓફલાઈન હાથની આંગળીઓ વડે કાગળમાં વોટર કલર વડે બાળકોએ પોતાની સુજથી રંગબેરગી ફુલદાની બનાવી હતી. બાળકોએ આ એકટીવીટીમાં ખુબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. શાળાના પ્રિન્સીપાલ રામી મીનાક્ષીબેને બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.



## પેથાપુરમાં સરકારી જમીનો પર ભૂમાફિયાઓએ ગેરકાયદેસર બાંધકામો કર્યા હોવાની ફરિયાદ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવાયેલા પેથાપુરમાં જીઈબી થર્મલ પાવર સ્ટેશનથી સાબરમતી નદીની બાજુમાં સુખડેશ્વર મહાદેવ મંદિર સુધીનો વિસ્તાર સરકારી જમીન છે જે નદીના કોતરો હતા અને આ રસ્તેથી ગ્રામજનો નદીએ જતાં હતા જયાં જિલ્લા તંત્ર દ્વારા થર્મલ પાવર હાઉસની રાખોડી નાંખીને પુરાણ કરવામાં આવ્યું છે તેવી આ જમીન પર ભૂમાફીયાઓ દ્વારા ગેરકાયદેસર રીતે કબજો ભોગવટો બતાવીને બાંધકામ કરવામાં આવ્યા હોવાનો દાવો પેથાપુરના નાગરિક અરૂણકુમાર શાંતિલાલ પુરોહિત દ્વારા કરવામાં આવ્યો છે. આ સંદર્ભે તેમણે મુખ્યમંત્રી કાર્યાલયથી માંડીને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કલેકટર કચેરી અને મ્યુનિસિપલ કોર્પોરેશન સુધી લેખિત રજૂઆત કરીને પગલાં ભરવા માંગ કરી છે.

અરૂણકુમાર પુરોહિત દ્વારા કરવામાં આવેલી લેખિત રજુઆતમાં પૂર્વે પેથાપુર નગરપાલિકાના ચીફ ઓફિસરો, સીટી સર્વેના કર્મચારીઓ-અધિકારીઓ, ભૂમાફિયાઓ વગેરે દ્વારા આ ગેરકાયદેસર બાંધકામો કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે જેમાં ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદેસર મંડળીઓ બનાવી નગરપાલિકામાં ખોટા સભા બહારના ઠરાવો કરી વાડાપત્રકોમાં સુધારા વધારા કરીને ખોટા માપો દર્શાવી માલિકી હક્કો ઉભા કરી ખોટામાલિકોના ખોટા કરારો કરીન કરોડો રૂપિયાની જમીનો પર ગેરકાયદેસર બાંધકામ કર્યુ છે. જેમાં નદી કિનારે જવાના રસ્તાઓ વચ્ચે તરપોઝ વિસ્તારમાં તરપોઝ ઠાકોરવાસથી નદી બાજુ જવાના રસ્તા પર, સંજરી પાર્ક આજુબાજુમાં, ભીમનાથ મહાદેવની આજુબાજુની જમીનો પર, બીલકેશ્વર મહાદેવ તથા રાધા વલ્લભ મંદીરની આજુબાજુની જમીનો (એફ) તકીયા એરીયાથી નદી જવાના માર્ગે અમરાફળી તથા કોટફળી વગેરે વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ગેરકાયદેસર બાંધકામો કરવામાં આવ્યા હોવાથી તેમના વિરુધ્ધ પગલાં ભરવા માંગ કરી છે.

### નિયમ વિરુધ્ધ બાંધકામની પરવાનગી આપી હોવાનો દાવો

આ સાથે અરૂણકુમાર પુરોહિતે કરેલી અન્ય એક લેખિત રજુઆતમાં પેથાપુર નગરપાલિકાના ચીફ ઓફિસરોએ તેમની સત્તા બહારના ખોટા કાયદા વિરુધ્ધના ઠરાવો કરવામાં ભૂમાફિયાઓની સાથે સાંઠગાંઠ કરી બાંધકામની પરવાનગીઓ આપી હોવાનો આરોપ લગાવ્યો છે. બાંધકામ માટે વિકાસ પરવાનગી આપવાની સત્તા જે તે વખતે ગુડાની હતી તેમ છતાં વર્ષ ૨૦૦૪થી જમીનોમાં ખોટા ઠરાવો કરી ગેરકાયેદસર બાંધકામો અને તેના બીયુ સર્ટીફીકેટ આપી ભ્રષ્ટાચાર આચર્યો છે તેમજ અધિકારીઓએ સરકારી વાહનોનો ઉપયોગ પણ અંગત કામો માટે કર્યો હોવા સહિતના આક્ષેપો કેટલાંક અધિકારીઓ પર કર્યા છે.

## સે-૨૫ ખાતે જોગણી માતાજી મંદિરે પ્રતિષ્ઠા મહોત્સવ



ગાંધીનગર, તા.૧૮

જોગણી માતાજી મંદિર સેકટર-૨૫ ખાતે યોજાયેલ પ્રતિષ્ઠા મહોત્સવ મંદિરમાં મહાદેવ પરિવાર, શની મહારાજ, ગોગા મહારાજ, નવગૃહ, હનુમાનજી, જોગણી માતાજીની મૂર્તિ ની પ્રતિષ્ઠા યોજાઈ હતી. મનીષ પટેલ, અશ્વિન ત્રિવેદી-એડવોકેટ, જબરુસિહ વાઘેલા-એડવોકેટ, પાટલા યજમાન બન્યા હતા. મહંતશ્રી મોહનદાસજીની અધ્યક્ષતામાં સંતો મહંતોએ આર્શીવાદ આપવા ઉપસ્થિત રહેલા આચાર્ય દ્વારકેશલાલ રાવલે પ્રતિષ્ઠા સંપન્ન કરાવેલ.

ગાંધીનગરનુ એકમાત્ર પૈરાણીક મંદિર છે. જયાં દરેક ભગવાન બિરાજમાન છે. જયાં દરે રવિવારે ગરીબોને મફત ખીચડી સેવા છેલ્લા પાંચ વર્ષ થી મુકેશભાઈ પંડયા, અરુણસિંહ રાજપુત, અશ્વિન ત્રિવેદી દ્વારા કરવામાં આવે છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. બિહોલા હેમતુજી શીવાજી, ઉ.વ. ૭૬, પાલજ
- સ્વ. વાળંદ ભાવનાબેન બકોરભાઈ, ઉ.વ. ૬૫, હાલીસા, દહેગામ
- સ્વ. પરમાર મંજુલાબેન મહેશભાઈ, ઉ.વ. ૬૭, સેકટર-૨
- સ્વ. દેસાઈ રામજીભાઈ હિરાભાઈ, ઉ.વ. ૭૧, સેકટર-૨૨
- સ્વ. શાહ ચિનુભાઈ શાંતિલાલ, ઉ.વ. ૭૭, સેકટર-૭